મદનકળાનાટકના ૬૪૭૮ ગાયનો.

સુરત આર્ય વિજય નાટક મંડળીને માટે.

રચી પ્રસિદ્ધ કરનાર

ઠાકોરદાસ નાગરદાસ શાહ.

(આ૦ માસ્તર ગ્યુ. સ્કુલ. નંબર ૩ ના)

તથા.

કલ્યાણદાસ દલપતરામ મેહેતા

એમ. જે. પેરેરવાળાના

સુરત “ઓરાળધા” પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬.

કિંમત ૧ આનો.

જાહેર ખબર.

દિલજાન રમુજ ભંડાર

રચનાર—દા. એ. તારાપોરવાલા.

સેહુંકડો રમુજી ટાચકાઓનો સંગ્રહ—હાજર જવાબી—
હસાહસ અને મજાક-મશ્કરીનું સંગીન સંગ્રહસ્થાન
ચાંદરાત-ચાંદરાતે હસનારાઓના પણ કલેજાં ઉછળાવે
એવું ખુબ હસાવનારૂં રમુજી પુસતક.
'ખુંપચારના વાંધા' અને 'ડોસાનું ગપ' નામનાં
"દિલજાન રમુજ ભંડાર"માં આવેલાં પ્રકરણો
ઘણાં ખેંચાનકારક છે, જે વાંચ્યાથી 'ગયલાં
ડોસાઓ' પાછાં આવે છે!
મી० તારાપોરવાળાના આ "દિલજાન રમુજ ભંડાર"માં
'વહુની જીંદગીના કૌતકો' ને 'પરણેલી જીંદગીના
પીકચરો'નો સમાવેશ કરવામાં આવ્યો છે.


સાદી બાંધણીનાં નજદીક બસેં પાનાના પુસતકનો
રૂ. ૦॥ કપડાના પુઠાની ગીલ્ટના નામવાળી રૂ. ૦॥।

ચોપડીઓ સેંટ વેચવાનો છે.

કજરી ગાયન રૂ. ૦॥ પાકદામન પીરોજા ૦= ઉસ્તાદી ગાયન
સંગ્રહ ૦=; હાથવાજું ૮૬ ગાયન વગાડતાં શીખવાની બુક
૦॥; રાજભાઈ ટાગરની ગાહેતગના ગાયનો ૦)= ટુચકા સંગ્રહ
ભાગ ૧ લો ૦।; બીજો ભાગ ૦॥
ઉપલી સાત ચોપડીઓનો સેટ મંગાવનારે રૂ. ૩॥ મોકલાવે

એમ. જે. પ્રેસવાળા નાણાવટ, સુરત.

મદનકળા નાટકના ગાયનો.



અંક પહેલો ૧

સુત્રધાર—પ્રભુ વિનતી હમારી ઊર ધરજે.
સહાય થઈ સહુ સફળ કરો તમ
વાહાર કરોરે હમારીરે. હે પ્રભુ.
સુંદર સ્થળની અંદર આજે
નવીન નવીન કૃતી આચરીએ
નવીન નવીન આ, અલ્પ મતિથી
સુણો નાથ, મારી વાત,
એજ હમારી છે ઊલાસ. હેપ્રભુ.

(૨)

ચંપકસેન ચિત્રાવતીનો, રાજ્ય છત્ર ધરનાર
પુત્ર તેનો પરાક્રમી નીવડયો, મદન રાજ કુમાર

નટી તથા તેની સખીઓ (૩)

દુખહરી, સુખ કરી આપ સુમતિ (ધ્રુ)
શંભુનાથ, જોડી હાથ કરીએ વિનતી
કૃપા કરીને સહાય સહાય
ટાળે દુર્મતિ. દુઃખ.

નટી એકલી. (૪)

આનંદ દિન આજનો છે. આજનો છે રે,
આજનો છે, આજનો છે, આજનો છે રે, આનંદ
મધુર મંદ સ્વર આનંદ આપે છે જુઓ અતિ,
અતિ પ્રકાશ ઉજવળો, શી ચંદ્રનો છેરે. આનંદ
કરે કલોલ કોકીલા, મધુર સ્વર નીર્મળાં,
ઝુકી છે વક્ષ વેલીઓ, ખીલ્યાં છે ફુલ કુમળાં. આનંદ

વીદુષક ૫

તમે સાંભળો રે સરદાર, હું છું કેવો ખબરદાર,
ગામ બહાર ગયો તો કાલે અચરત સરખી વાત
દીઠો છાણનો ઢગલો મોટો મારી તેમાં લાત તમે

પોક પાડયો મેં ખેતરમાં જઈ બનાવ બન્યો ત્યાં માઠો
આખલો એક ત્યાં દોડતો આવ્યો જીવ લઇને નાઠો. તમે
પડયો દોડતાં અટવાઇને ધોતીયું ગયું પણ છુટી
પડયો ધબ લઇ ચીલા માંહે ધુળ ખાધી બે મુઠી. તમે
ઘેર આવ્યો હું દોડતો ત્યાંથી બની ત્યાં અચરત વાત
બાયડી આવી ધુંધવાતી, તેણે મારી મુને લાત. તમે

વારાંગનાઓ ૬

વારી વારી જાઉં મહારાજને વારી રે
ચંપકસેન મહારાજ ચરણમાં;
ગાય બજાવે સેવક સરવે
સારીગ, રીગમ, ગમપ, મપધ
પધની, ધનીસા, સાનીધ નીધપ
ધપમ. પમગ, મગરી, ગરીસા
જય સેવક જન વારી વારી રે—વારી વારી

શકરુ ૭

શી મઝા પડી આહાહાહા
આજે ખમા ખમા વાહવાહ વાહવાહ
રાજા જેવો થઇ ફરૂં બાયડી પરણું ચાર
વાંકા વાળ કરે કદી ખાસડાં મારૂં બાર
ખમા કહેશે નારીઓ આહાહાહાહા શી
કહેશે પ્રાણનાથ બાયડી થશે સહુ દુઃખ દૂર
જુની રાંડને મારીને કરૂં હાડકાં ચુર—શી

સ્તુન— ૮

છબીલીના છો ભરથાર તમે ચાલો
ચાલો રંગે રમાડું રાજ પ્રીત રસમાં ડુબાડું આજ
તમે છો મારા શીરતાજ
છો રસીલીના સણગાર તમે
તમે છો હૃદયના હાર કરૂં ચુંબન ધરીને પ્યાર
મારા પ્રાણ તણા આધાર કરૂં ભાવતાં ભોજન સાર—તમે
ચાલો જમાડું શીરો શાક સાથે પુરીને દુધપાક
તળું રીંગણને વંટાક વડી પાપડનો નહીં આંક—તમે

રાજ

મકન—તારી વાણી શી મીઠડી વાહ
સુણી મોહ્યો છબીલા આહા
તું છે મારી દિલદાર —•—તમે

મ.ન— ૯

શોભી રહી છે છબી સારી રે
રશીલી તારી શોભી રહી છે છબી સારી રે
શશી સમાન પ્યારી મુખડું છે તારૂં
પ્રાણથી અધીક મને લાગે છે પ્યારૂં
લેતું શરણ તારા દાસને રશીલી
શત્રુ તારાને નાંખુ ઓવારી
મારે કટાક્ષ મને આંખડી રે તારી
મીઠી લાગે છે તારા દાસને રશીલી

૧૦

કેમ થાશે રે જીવ જાય રે હાય હાય રે
જવું પડશે હવે મુકીને કામ ઠામ (૧)
ઘણાંક ઘોર કૃત્ય કરયાં, થયાં નીચ હરામ
સઘળે રખડી રખડી થયું શું, નહી મળે આરામ
હવે શું કરવું રે મરવું રડું રે, ઝેર પીવું રે, રહાય થાવું રામરામ (૨)
ઘોર કૃત્યનું ફળજ મળ્યું તમે દાખલો જોજો આજ
વળી દરબાર નકકીજ ઠોકશે દયા નહી લાવે રાજ
જેમ છાજે રે હવે આજે રે નથી લગાર આરામ કામ

૧૧

હળાહળ વીષ દીસે છે વળી શું
મિષ્ટ ભોજન માંહે કોણે નાંખ્યું—હળાહળ
કપટનું કામ કર્યું છે આ કોણે
કોણે આવું કૃત્ય મનમાં વીચાર્યું હળા.
પુત્ર મારાનો દુષ્ટ પણેથી
મર્ણ તણું સુખ મન માંહે ધાર્યું હળા.

સુલક્ષણા ૧૨

કહું છું રાય તમને રે વિનતી કાને ધરો
સાગર સમ સ્યાણા રે હૃદયે ધીરજ તા કરો કહું

ભાઈ તમારાએ ભોળવી કર્યું છે કુડું કામ
વીષ દેવાને આપીઆ રસોઈઆને દામ
લપટયો લાલચે રે પાપી પુરો ખરો કહું
મદન કુંવરને મારવો કીધો એવાં પ્રપંચ
મહારાજએ તમ ઉપરે રાખે પુરો ડંસ
દાસી તમારીની રે અજ ઉરમાં ધરો કહું

ચંપકશેન ૧૩

ધીક ધીક છે આવાર પાપી તુને છે ધિક્કાર
ગરીબી તારી મેં જાણી ખુબ દિલ દયા આણી
ન વિચારી લાભ હાની નોકરી તારી વખાણી—ધીક
સારૂં તારૂં કરતાં આતે ખુબ છકડ ખાધી ખાધી
કાળુ કામ કરતાં તુને શરમ ન આવી આવી
ફટફટ આવું કામ કુળનું બુળાવ્યું નામ
લુણ તેં કીધું હરામ દુર થા છોડ ગામ. ધીક
વળી આનાં બીજાં કામ કરીશ ઓ બદનામ
કાળું કામ છે તમામ સજા થશે તુને આમ
ધિક અવિચારી ફટ અહીંથી તું દૂર મટ
ધિક વિષ પ્યાલો ગટ પીજા તું તો જોઉં ઝટ ધીક
તારી જાતને ધિક્કાર તારી માતને ધિક્કાર
લંપટ તું તો થાસે પાર જોઉં છું તુને આવાર
અરે જારે જારે તું કુડું આહી કૃત્ય રચનાર
ધિક ધિક છે આવાર, પાપી તુને છે ધિક્કાર. ધીક

પ્રતાપ ૧૪

શું આ કુંવરને દુઃખ કરનારો નજરે ભાળ્યો કોઈ
એનો તો કોઈ મદદ કરનારો નવ જાયે કહીં જોઈ
વાત ખાધી ક્યાં હું કરૂં હાય બીકે ઝુરી હું મરૂં

સુરસાહ ૧૫

ભ્રાત ઓ મારાં, છો શાણાં, થાઓ દુખી દુખી કાં
ગુઢી કદી આમ અકલાયે કામ થાશે પડી પાર તો ક્યાં
હિંમત જન તો કદી ન હારે સમજી રહો તમે આ
ઉપાય સારો ગોજવાની વાત પડતી વા
કીર્તિ વિઘ્ન વાળી તો અકારી થઈ જાય [illegible]

૧૬

મુલો—અલ્યા રતીઆ વેહેલો ચાલ
ઝાઝી લાગે હુને વાર
રતી—ચુપ—ચુપ—ચુપ—અલ્યા.
લંગડો—અલ્યા મુળા ખાશે માર
બકવા બહુ કરના આ ઠાર
મુલો—ચુપ—ચુપ—ચુપ અલ્યા
હીંમલો—મારો એ લંગડાને માર
લંગડો—મારૂં સૌને હું પેંજાર
બધા— હેં—હેં—હેં અલ્યા
ફેતુ—અલ્યા છાના રહો ગમાર
પશુ—ચુપ રો ચુપ રો વાર હજાર
બધા—હેં—હેં—હે- અલ્યા.
ઝીણુ—અલ્યા કેને કહે ગમાર
દેવજી—બહુ બોલેતો ખાશે માર.
ફેતુ-પશુ—હેં—હેં—હેં અલ્યા

પ્રતાપ ૧૭

અલ્યા લડી મરો કયાં આમ તમે
એવી વાતો તમારી નહીં ગમે—અલ્યા
બહુ કરો બકવાદ, કરો ખોટા ખોટા વાદ,
પાડો માંહોમાહે સાદ, કરો ખાલી ઉન્માદ,
કરો ટંટારીસાદ, કોઇ જાણે તો આવે આરે સમે-અલ્યા
કાંઇ રાખો તમે સાન, ગયું તમારૂં કયાં ભાન,
કરો હવે ના હેરાન, જેથી જાયે તમ માન,
કહે જંગલી સમાન, કરો રીસાદ ખાલી નારે તમે
અલ્યા.

કમાલખાં-સીપાઇઓ ૧૮

ચાલો ઝટઝટ ચાલો ઝટઝટ ચાલો ઝટઝટ સર્વે આજ
મારી કાપી દુશ્મનોને કરીએ આજે આપણું કાજ.
રાખો તીરને ભાલા હાથ
બંદુકો સૌ લેજો સાથ

બરછીને ગુપ્તી અપાર
ખડગ ખાંડાને કટાર,
પીસ્તોલોના કરીને બહાર
કરવા સૌ શત્રુને હાર   ચાલો૦
ચાલો સૌ આ વાર
કરો નહીં વાર, લઇને તરવાર, શત્રુ કરો હાર,
બંદુકોના બાહાર, કરીને અપાર,
દુશ્મનોને હાર, કરીને આવાર,   ચાલો.

૧૯

(અરે) ઇશ અરજ કરૂં છું તમારી,
બાળકનાં આ દુઃખ નાંખોની વિદારી;   અરે
પ્રભુ ગુણવંતા છો દુઃખ હરતા,
અગણિત ગુણ પ્રભુ છો સુખકારી   અરે

૨૦

શ્રી નારાયણ પ્રભુને નમુ
નમું કૃષ્ણ કરતાર,
જગ કરતા અશરણ શરણ
નમું છું બુગદા ધાર.
જય વિશ્વ નિવાસી, પ્રભુ સુખરાશી
પૂર્ણ પ્રકાશી જગ ત્રાતા
વિપત વિનાશી, અખિલ નિવાસી,
હે સુખશાંતા સુખદાતા,
તુજ આ દાસી વિનંતી કરૂં છું,
સદ્‌ગુણ ગામી પીતુ માતા,
ચંપકરાય તણાં બાળકને
હરનીશ દેજે સુખ શાંતા.

અંક બીજો.   ૨૧

શીખીલ્યોછે પુનેમચંદરજની શોભેરે
મળવાને પીયુ શું મનેં સહીઅર લોભેરે
સખી ગુણવંતા નંદલાલ સૌને ગમતારે
તે વ્રજનારીઓ સંગ રંગે રમતારે

સાખી

બંશી સુણી સ્યામની મોહી સૌ વૃજનાર
વૃંદાવનની કુંજમાં ખેલે શ્રી નંદકુમાર

સજયા સોળે શણગાર વ્રજ સુંદરી જોરે
અણુવટ વીંછલાને કાંબી કલ્લાં સાર
સજ્યા કંકણુ સરવે સોહામણા જોરે
પહેર્યા હીરા જડીત ઉરહાર છેરે
થાએ ઝાંઝરના ઝમકાર ઠમકારે
મોહી રહ્યા રાસ સુની જોરે
લટકંતી મટકંતી ચાલે સાહેલી
વ્રજવનીતા સરવે થઇ ઘેલી
કહે કૃષ્ણને મનહેલી, રમવાને આવોનીરે,

વૃંદાવનની કુંજમાં, [illegible] મહારાજ
રમત રમે સૌ [illegible] મુકી મનની લાજ

થાએ ઝાંઝરનો ઝમ[illegible]રે સાહેલીરે
ત્યાં રમે ગોપીઓ રાસ, થઇછે ઘેલીરે
આવી ટોળે મળી અપાર, ત્યાં વ્રજનારીરે
મુખ્ય રાધાજી [illegible]નની કુમારીરે
સૌ સખીઓ મધ્યે કાહાન, બંશી બજાવેરે
તે ગોપીઓને મંન અતીશે ભાવેરે
સખી રાધા સંગે કાહાન જોવા શોભેરે
તેવા પીઉ હું મગવા જન, મારૂં લોભેરે.

સખીઓ ૨૨

નવીન યોવના ખીલે (ર) રસીલી રસીક પ્રેમ પાશમાં ઝુલે,
ચતુરી—રસની ભરેલી રંગીલી છબીલી ચાલે ચમકતી ચાલ
પીયુ પીયુ મુખથી કરેછે મદ ભરી આંખો લાલ—નવીન
કૃષ્ણ—વાહરે મોહી લુચ્ચી ચતુરી જોયાં મે તારા ચેન
નાનકડી નારી હુનારી કાઢે આવાં વેણુ—નવીન

સખી—વાહ લટકાળી વાહ ચટકાળી જોયો તારો ખેલ
મદ ભરી ચાલે ચાલતી છે જાણે હરાડા બેલ—નવીન
કળા—હસોના બનાવો ના સલુણી નાર
સખી—અલી વાહરે મધુરી તું વાહ
અમે તો જઇશું રજા પણ લઇશું
માતાને જઇ કહીશું વાહવાહ
કળા—આવજોજી બોલાવજોજી
ચતુરી—ખબર અંતર કહાવજોજી નવીન

કળા ૨૩

હવે કાંઇ દુખનો પાર નહીં
વેરણ વીધાતા થઇ સ્હાય સરવે ગઇ
સાહેલીઓ ગઇ મુકીને કેમ રહું આંય—હાય હાય હાય
દીલ દુખી તો મારૂં થાય, કોણ વારે ધાય દીલ મારૂં
મુઝાય
સ્હાય પ્રભુ તું થાય, સાન મારી તો જાય
નહી નહી ખમાય ક્યાં હવે જવાય
આ સમયે હાય, હે જીન કોણ સ્હાય——હાય હાય
કંથ હોય ધીમે ધીમે દુખ આતો જાય

મદન ૨૪

સ્હાય મારે, કોની રે, (૨) કામ આ વીપરિત
ધાઓ મોરારી તમ બલિહારી છે ઘણી ભારી
મુજને તારી સ્હાયે મારી, આવી, વખ્તે મુજ, મનને
મોટી રે—સ્હાય
દુષ્ટ કાકાએ કેરજ કીધા, રાજ પાટ સૌ ખુંચી લીધા
પણ રે, ઇશ છે, મુજને, આ, વખતે સ્હાયી રે—સ્હાય

મદન ૨૫

રોકો ના પ્રીયા જલ્દી જવાદો મુનેરે
માત ભ્રાત મમ મૂકી રઝળતાં,
રહેવું તમ પાસે મને નહીં ઘટેરે.
કરશે લોકો મારી હાંસી, મુકી ભ્રાત ને ગયો નાસી.
તેથી થાએ મન ઉદાસી પ્રીયા.

કળા—પ્રીતમ પ્રીત લગાડીને નાસો રીતી નહીં એ તમારી કુંવરજી
મેલી અબળાને કયાં જાશો, દુખી વનમાંહે તમે થાશો
પ્રીતમ તેહથી તમે નાસો જાશો એકલા નહી મુકીમનેરે
પ્રીયા

કળા

૨૬

તનમન ધન તારૂં તમ ઉપર, પ્રાણ પ્રીય આવારે
છબીલા છેહ દેવો ઘટે ના તમારે
કામણગારા નાથ દુરારા છો મુજ અંગે વસીઆ
પ્રેમ વસાવી, અંગે આ મારે, શાને દુર જઈ વસીઆ—છબી
ચીતચોરી અલબેલા નાહા કયાં કહો મુજને મેલી.
પ્રેમ પોષ્યા વિના નાથ તમારો સુકાય આ વૃક્ષવેલી—છબી
પ્રાણનાથ તમે અબળાને આ, શા માટે તરશાવો
આલીંગન ચુંબન કરીને, કૃપાવારી વરસાવો. —છબી

મદન

૨૭

મારી પ્યારી નારી તું આજ શીદ અકળાઓ
કળા—હું મેલી તમ વિયોગે પ્રાણ ન રહેવાય મારી
મદન—રહો મુજ પાસે સદા ભોગવો આવાસ
માગો મુખથી જે તમે હાજર કરે તમ દાસ છું.
મદન—શાણી શોક તું શું કરે મુખ તારૂં કરમાય
સકોમળ સુંદર તારૂં અંગ કેમ ખમાય

૨૮

અખા—ચાલો જઈએ આપણ ઘેરરે આજ આનંદ આનંદ થાય
જુઠા—હમણા તેડું તો આવશે.
કપટ—તે આપણે મન ભાવશે
ખોટી—પછી જાશું સૌ દરબારરે આજ આનંદ
જુઠા—પછી રોપે કારભાર
કપટ—કરૂં રૈયત ખુવાર
ખોટી—મારૂં સારૂં થાશે ઘેરરે આજ આનંદ.
જુઠા—પછી કરશું મનનું તર
કપટ—ભરીશ મારૂં ઘર
[illegible] [illegible] આ[illegible]

જુઠા—આપણુ લુચ્ચાની જાત
કપટ—મારૂં સાચાને લાત
ખોડી—ટરૂં સર્વસ્વ લાવી હાથરે, આજ આનંદ.

૨૯

હે જગત્રાતા, છો સુખદાતા, અરજ ધરો દિલમાંહી.
સદ્‌ગુણી ગણાતા પ્રભુ પ્રખ્યાતા, થા તું હમોને સહાય
પ્રભુ છો ભકત તણા પ્રતિપાલક વિનવે છે આ દાસી
દયા કરો દીનાનાથ દયાળુ વીપટી પાડી આશી
બાળ કુંવરની રક્ષા કરો પ્રભુ, હે અખીલ નિવાસી
લેજો ઉગારી આ વિપતથી હું અબળા જાઉં ત્રાસી હે.
સ્વામી મારા કયાં હશે હશે કયાં મદન માહરો
કરી હમોને એકલાં પ્રભુ અમારૂં દુઃખ હરો.

૩૦

મદન—ધન્ય પ્રીયા તમે આનંદકારી
કળા—પ્યારા મારાની છે શી બલીહારી
જાઉં પ્રીયા તમપર વારી વારી
મદન—વાહ પ્રીયા તું
કળા—હો રસીઆ શું
મદન—રંગીલી વાહ
કળા—છબીલા વાહ
મદન—વાહ ચટકાળી
કળા—બનાવો નાથમને પ્રીતમ પ્યારો
મદન—હો દિલદારા
કળા—પ્રાણ આધારા
મદન—કરૂં ના ન્યારા ધન્ય.

૩૧

આંખે [illegible] શું [illegible]
કહો [illegible] હું [illegible]
[illegible] આંખે.
[illegible]